
# બ્રિટિશ ઇન્ડિયન આર્મીના શીખ સૈનિકોની ઉજાગર થયેલી દાસ્તાન

બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

વર્તમાન ઈરાન-યુદ્ધમાં અમેરિકા 'મૂછાળા તો છોડે છે, પણ સૂંઢાળા ક્યાં છોડે છે?!'ની જે નીતિ અત્યારે અખત્યાર કરી રહ્યું છે, તેમાં ઈરાનની વર્તમાન પશ્ચિમ સરહદે આવેલા ઓઈલના ભંડારો એક ચાવીરૂપ કારણ છે, એ હવે સર્વવિદિત છે. મધ્યપૂર્વના ઈરાક અને ઈરાન જેવા દેશોના તેલભંડારો પર અમેરિકાનો ડોળો છે, એનો ઈતિહાસ પણ જાણીતો છે. આપણે તેમાં નહીં જઈએ, પરંતુ એક વાત નોંધીએ કે જ્યારે અંગ્રેજોનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો, ત્યારે મધ્યપૂર્વના દેશોના આ ઓઈલ ભંડારો પર તેમની નજર પણ હતી. આ વાત અત્યારે એટલા માટે યાદ આવી કે આ વખતે આપણે જે વાત કરવી છે, તેમાં આ બાબતની એક ચાવીરૂપ ભૂમિકા છે. વાત આપણે પ્રથમ વિશ્વયુદ્ધની કરવી છે, પરંતુ તે પહેલાં એ સમયની વૈશ્વિક ભૂગોળનો એક ચોક્કસ હિસ્સો સમજીએ. અંગ્રેજોની જે ઓઈલના ભંડારો પર નજર હતી અને અત્યારે અમેરિકાની પણ જેના પર નજર હોવાનું કહેવાય છે, તે વિસ્તાર વર્તમાન ઈરાનની પશ્ચિમ સરહદે આવેલો છે. આપણે ઈતિહાસમાં મેસોપોટેમિયાની સંસ્કૃતિ અને મેસોપોટેમિયાના સામ્રાજ્ય વિશે ભણ્યા છીએ. તેનો ઈતિહાસ તો આપણને ખબર છે, પરંતુ આ સામ્રાજ્યની વર્તમાન ભૌગોલિક સ્થિતિ સમજવા જેવી છે.

પ્રથમ વિશ્વયુદ્ધ સમયે આજના ઈરાનની ઓઈલ ભંડારો ધરાવતી પશ્ચિમી સરહદ મેસોપોટેમિયાનો હિસ્સો હતી. હકીકતમાં તે સમયે વર્તમાન ઈરાનની આ પશ્ચિમી સરહદ સહિતનો મોટો વિસ્તાર અને લગભગ આખું વર્તમાન ઈરાક બંને મેસોપોટેમિયાના સામ્રાજ્યનો ભાગ હતા. અન્ય એક રસપ્રદ વાત એ પણ છે કે આ મેસોપોટેમિયાનું સામ્રાજ્ય ઓટ્ટોમન સામ્રાજ્યનું 'ખંડિયું રાજ્ય' હતું. ખાસ કરીને ઓઈલના ભંડારોને કારણે પ્રથમ વિશ્વયુદ્ધમાં મેસોપોટેમિયા એક મહત્ત્વનો યુદ્ધમોરચો બન્યો હતો અને તેને સર કરવા માટે બ્રિટિશર્સે 'મેસોપોટેમિયા કેમ્પેઈન' ચલાવ્યું હતું. આ મેસોપોટેમિયા કેમ્પેઈનમાં બ્રિટિશ ઈન્ડિયન આર્મીની શીખ રેજિમેન્ટના સૈનિકોની ચાવીરૂપ ભૂમિકા હતી. ટાઈગ્રિસ નદી પાસેના યુદ્ધમાં તેમજ બગદાદ કબજે કરવા માટેના યુદ્ધમાં આ શીખ રેજિમેન્ટના ઘણા સૈનિકો શહીદ થયા હતા.



પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટિશ ઈન્ડિયન આર્મી વતી લડેલા આ ભારતીય સૈનિકોની ભૂમિકાનો વૈશ્વિક સ્તરે સત્તાવાર સ્વીકાર થયાના સમાચાર હમણાં ધ્યાનમાં આવ્યા અને આ વાત યાદ આવી ગઈ. હકીકતમાં થયું એવું છે કે યુ.કે. પંજાબ હેરિટેજ એસોસિએશન, કોમનવેલ્થ ગ્રેવ્સ કમિશન અને યુનિવર્સિટી ઓફ ગ્રીનવિચ દ્વારા પાંચ વર્ષના સંશોધન બાદ તેનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે.

આ અહેવાલમાં સ્વીકારવામાં આવ્યું છે કે પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટિશ ઈન્ડિયન આર્મી વતી લડેલા શીખ સૈનિકોની ભૂમિકા અત્યંત ચાવીરૂપ રહી હતી. અહેવાલ મુજબ પ્રથમ વિશ્વયુદ્ધમાં 9,909 શીખ સૈનિકો શહીદ થયા હતા. આ શીખ સૈનિકોની સત્તાવાર નોંધ આ અહેવાલમાં પ્રથમ વખત લેવામાં આવી છે. આ અગાઉ તેમની વિગતો સમાવતો કોઈ વૈશ્વિક સત્તાવાર દસ્તાવેજ ઉપલબ્ધ નહોતો.

**ઓઇલના ભંડારોને કારણે પ્રથમ વિશ્વયુદ્ધમાં મેસોપોટેમિયા એક મહત્ત્વનો યુદ્ધમોરચો બન્યો હતો અને તેને સર કરવા માટે બ્રિટિશર્સે 'મેસોપોટેમિયા કેમ્પેઇન' ચલાવ્યું હતું**

આ અહેવાલ માત્ર આંકડો જાહેર કરીને અટકતો નથી, પરંતુ વધુમાં જણાવે છે કે પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન જે-જે યુદ્ધમોરચાઓ પર શીખ સૈનિકોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી, ત્યાં તેમણે મશીનગન, ગીચ ઝાડી-ઝાંખરા અને અન્ય અનેક મરણતોલ પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો. આવી જટિલ પરિસ્થિતિઓમાં બ્રિટિશર્સે શીખ સૈનિકોને આગળ રાખીને પોતાના નિયમિત સૈન્યના અનેક ગોરા સૈનિકોના જીવ બચાવ્યા હતા. આ એક કડવી, છતાં સ્વીકારવી પડે તેવી વાસ્તવિકતા છે. પ્રથમ વિશ્વયુદ્ધની શતાબ્દી નિમિત્તે 2014થી 2018 દરમિયાન ઉપરોક્ત સંગઠનો અને સંસ્થાઓ દ્વારા હાથ ધરાયેલો આ અહેવાલ વિગતે સમજવા જેવો છે. આ અહેવાલનું નામ છે - The Punjab Registers: Recovering the Names of India's Fallen Servicemen. આ અહેવાલ મુજબ પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન મેસોપોટેમિયા કેમ્પેઈન ઉપરાંત બેટલ ઓફ ગેલીપોલી અને બેટલ ઓફ ફ્લેન્ડર્સ સહિત અન્ય યુદ્ધોમાં પણ શીખ સૈનિકોએ બહાદુરીપૂર્વક લડત આપી હતી. આ અહેવાલના અન્ય એક આંકડાને સાચો માનીએ તો પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ લશ્કરના હિસ્સા તરીકે આશરે 1.4 મિલિયન ભારતીય સૈનિકોએ યુદ્ધમાં ભાગ લીધો હતો. આમ છતાં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ ઈન્ડિયન આર્મીના, ખાસ કરીને ભારતીય સૈનિકો પ્રત્યે અંગ્રેજોનો વ્યવહાર ચોક્કસપણે વિવાદાસ્પદ રહ્યો હતો અને એટલે જ તેમના પોતાના દેશવાસીઓ વચ્ચે પણ ચર્ચાનો વિષય બન્યો હતો. આજે પણ સમયાંતરે આ મુદ્દાની ચર્ચા થતી રહે છે.

એમાં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટનના વડાપ્રધાન રહેલા ડેવિડ લોઈડ જ્યોર્જનું ભારતીય સૈનિકોની ભૂમિકા સંદર્ભે કરેલું એક કુખ્યાત વિધાન ખાસ ચર્ચાય છે. તેમનું વિધાન છે: "આ વિશ્વયુદ્ધ માત્ર રક્ત, કાદવ અને નિરર્થક લોકોનો સરવાળો છે." આ વિવાદાસ્પદ વિધાન પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ભારતીય અને ખાસ કરીને શીખ સૈનિકોની સાચી ભૂમિકા કેવી હતી તથા બ્રિટિશર્સ તેમનો ઉપયોગ કેવી રીતે કરતા હતા, તેની સાક્ષી પૂરું પાડે છે. અહેવાલને સાચો માનીએ તો પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારતીય અને ખાસ કરીને શીખ સૈનિકોની મુખ્ય ભૂમિકા તોપચીઓ તથા સંદેશાવાહકો તરીકેની હતી. તેથી તેમને જટિલ પરિસ્થિતિ ધરાવતા કોઈપણ યુદ્ધમોરચે બેધડક મોકલી દેવામાં આવતા, જ્યાં તેઓ શહીદી વહોરતા, પરંતુ તેની યોગ્ય ક્રેડિટ તેમને મળતી નહોતી. આ રીતે એ પણ સમજી શકાય કે તેમની આ બંને મુખ્ય ભૂમિકાઓને કારણે જ પ્રથમ વિશ્વયુદ્ધમાં શહીદ થયેલા શીખ સૈનિકોનો સત્તાવાર આંકડો પણ આટલો મોટો નોંધાયો છે.



# આવતીકાલનો અરીસો

સુરત શહેરની જૂની અને સાંકડી ગલીઓમાં આવેલી પુસ્તકોની દુકાન સમયના વહેણમાં જાણે ક્યાંક થીજી ગઈ હતી. દુકાનનો માલિક, માધવ, એક શાંત અને અત્યંત કુતૂહલપ્રિય યુવાન હતો. તેને આધુનિક ગેજેટ્સ કરતાં જૂના અને દુર્લભ પુસ્તકોના પાનાંઓમાંથી આવતી ધૂળ અને જ્ઞાનની સોડમ વધુ ગમતી. તેની દુકાનમાં આવનાર વ્યક્તિ પુસ્તક ખરીદવા કરતાં માધવ સાથે ઈતિહાસ અને સાહિત્યની ચર્ચાઓ કરવા વધુ આવતા.



જુલાઈ મહિનાની એક અત્યંત અંધારી અને વરસાદી સાંજ હતી. બહાર ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો અને રસ્તાઓ પર માણસોની અવરજવર બિલકુલ ન હતી. દુકાનની જૂની લાકડાની બારીઓ પર વરસાદનાં છાંટા અથડાઈને એક વિચિત્ર સંગીત પેદા કરી રહ્યા હતા. માધવ દુકાન વધાવવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યાં જ અચાનક દુકાનનો લાકડાનો દરવાજો કડડડ અવાજ સાથે ખૂલ્યો.

એક અજાણ્યો અને ઊંચો વ્યક્તિ દુકાનમાં પ્રવેશ્યો. તેણે કાળો લાંબો રેઈનકોટ પહેર્યો હતો અને તેનું માથું મોટી ટોપીથી ઢંકાયેલું હતું. વરસાદનું પાણી તેના કપડાં પરથી ટપકીને દુકાનના લાકડાના ફ્લોર પર પડી રહ્યું હતું. તેણે કોઈ પણ શબ્દ બોલ્યા વગર માધવના કાઉન્ટર પર એક જૂની, લાલ ચામડાથી મઢેલી અને પિત્તળના હૂકવાળી ડાયરી મૂકી. માધવ કંઈ પૂછે તે પહેલાં જ એ રહસ્યમય વ્યક્તિ વીજળીના ચમકારાની જેમ પાછો વરસાદમાં ગાયબ થઈ ગયો.

માધવ ભારે આશ્ચર્યમાં મુકાઈ ગયો. તેણે દરવાજાની બહાર નજર દોડાવી, પણ દૂર દૂર સુધી માત્ર વરસાદનું સામ્રાજ્ય હતું; તે વ્યક્તિનો કોઈ અતોપતો ન હતો. તેણે ધીમેથી પેલી ડાયરી હાથમાં લીધી. ડાયરીનું ચામડું સ્પર્શતા જ તેને હળવી ગરમાશનો અનુભવ થયો. ડાયરી પર કોઈ નામ કે શીર્ષક ન હતું. માધવે ભારે ઉત્સુકતાથી ડાયરી ખોલી. પહેલું પાનું એકદમ કોરું હતું. બીજું પાનું ફેરવ્યું, તે પણ કોરું! આખી ડાયરી ખાલી હતી, અને તેના પાનાંઓમાંથી ગુલાબજળ જેવી હળવી સુગંધ આવી રહી હતી.

માધવ નિરાશ થઈને ડાયરી બંધ કરવા જતો હતો, ત્યાં જ તેની નજર પહેલા પાના પર પડી. અચાનક, જાણે કોઈ અદ્રશ્ય પેન ચાલી રહી હોય તેમ, કાળા શાહીના અક્ષરો આપમેળે કાગળ પર ઊપસવા લાગ્યા! માધવના શ્વાસ ઘડીભર થંભી ગયા. તેણે પોતાની આંખો ચોળીને ફરી જોયું. અક્ષરો એકદમ સ્પષ્ટ અને સુંદર મરોડદાર હતા. તેમાં લખ્યું હતું:

**માધવ દુકાન વધાવવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યાં જ અચાનક દુકાનનો લાકડાનો દરવાજો કડડડ અવાજ સાથે ખૂલ્યો**

'માધવ, તને આશ્ચર્ય થતું હશે કે આ કોરી ડાયરીમાં અક્ષરો ક્યાંથી આવ્યા. પણ આ કોઈ સામાન્ય ડાયરી નથી. આ ભવિષ્યના ગર્ભમાં છુપાયેલા આવતીકાલનો અરીસો છે.'

માધવના હાથ ધ્રૂજવા લાગ્યા. શું આ કોઈ જાદુ હતો કે પછી તેની આંખોનો ભ્રમ? તેણે હિંમત કરીને બીજું પાનું ફેરવ્યું. ત્યાં આવતીકાલની તારીખ લખેલી હતી અને નીચે ધીમે ધીમે એક નવું વાક્ય ઊપસી આવ્યું:

'આવતીકાલે સવારે ૧૦:૧૫ વાગ્યે, તારી દુકાનમાં એક એવી વ્યક્તિ આવશે, જે તારી પાસે એક એવું પુસ્તક માંગશે જેનું કોઈ અસ્તિત્વ જ નથી. અને બરાબર બપોરે ૩ વાગ્યે, તું પાગલની જેમ એક એવી વસ્તુની શોધમાં નીકળીશ, જે તેં ક્યારેય ગુમાવી જ નથી.'

આટલું વંચાઈ રહ્યા પછી ડાયરીના પાનાંઓ ફરીથી શાંત થઈ ગયા. માધવની ઊંઘ હરામ થઈ ગઈ. આખી રાત તે પથારીમાં પડખાં ઘસતો રહ્યો. સવાર ક્યારે પડી તેની તેને ખબર જ ન રહી. ઉતાવળમાં તૈયાર થઈને તે સમયસર દુકાને પહોંચ્યો. આજે તેનું ધ્યાન પુસ્તકોમાં ન હતું, પણ દુકાનની દીવાલ પર લટકતી એન્ટિક ઘડિયાળના કાંટા પર જ ટકેલું હતું.

દસ વાગવામાં થોડી જ મિનિટોની વાર હતી. બરાબર ૧૦ અને ૧૫ મિનિટે, દુકાનનો દરવાજો ખૂલ્યો. એક અત્યંત શાંત ચહેરાવાળા વૃદ્ધ સજ્જન અંદર આવ્યા. તેમણે માધવ પાસે જઈને નમ્રતાથી પૂછ્યું, 'ભાઈ, તમારી પાસે 'ભૂતકાળની ભૂલો ભૂંસવાની કળા' નામનું પુસ્તક છે? મેં સાંભળ્યું છે કે તમારી પાસે દરેક અપ્રાપ્ય પુસ્તક મળી રહે છે.' માધવ સ્તબ્ધ થઈ ગયો! તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હોય તેવો અહેસાસ થયો. તેણે આવું કોઈ પુસ્તક આજ સુધી સાંભળ્યું ન હતું. તેણે પોતાના કોમ્પ્યુટરમાં ચેક કર્યું, આખા સ્ટોકમાં તપાસ કરી, પણ એવું કોઈ પુસ્તક દુનિયામાં છપાયું જ ન હતું. તેણે ભારે આશ્ચર્ય સાથે વૃદ્ધને નકારમાં માથું ધુણાવ્યું. વૃદ્ધ એક રહસ્યમય અને ઊંડું સ્મિત આપીને ચાલ્યા ગયા.

ડાયરીની પહેલી વાત અક્ષરશઃ સાચી પડી! હવે માધવનો ગભરાટ ચરમસીમા પર પહોંચી ગયો. બપોરના ૩ વાગ્યાની ભવિષ્યવાણી શું હતી? *'તું એક એવી વસ્તુની શોધમાં નીકળીશ, જે તેં ક્યારેય ગુમાવી જ નથી.'

બપોરના ત્રણ વાગતા જ માધવના મનમાં એકાએક વિચારોનું વાવાઝોડું શરૂ થયું. એવી કઈ વસ્તુ હોઈ શકે જે તેણે ગુમાવી ન હોય છતાં તે શોધશે? અચાનક તેના મનમાં શંકા ગઈ કે કદાચ તેની દુકાનની ગુપ્ત તિજોરીમાંથી તેના દાદા વખતનું કોઈ કિંમતી પુસ્તક કે દસ્તાવેજ ચોરાઈ તો નથી ગયું ને? તેણે દોડીને તિજોરી ખોલી. બધા જ દુર્લભ પુસ્તકો, કાગળો અને હિસાબ ગણી કાઢ્યા. બધું બરાબર હતું. પણ તેનું મન માનતું ન હતું. તેને લાગ્યું કે ચોક્કસ કંઈક ખૂટે છે. તેણે આખી દુકાન ફેંદી નાખી. વર્ષોથી ગોઠવાયેલા પુસ્તકોના થપ્પા વેરવિખેર થઈ ગયા. ધૂળથી તેનો ચહેરો ભરાઈ ગયો. તે ઉન્માદમાં આવીને દુકાનનો ખૂણેખૂણો તપાસવા લાગ્યો.

સાંજના ૫ વાગી ગયા, પણ તેને એ ન સમજાયું કે તે ખરેખર શું શોધી રહ્યો હતો. દુકાનની હાલત યુદ્ધના મેદાન જેવી થઈ ગઈ હતી અને માધવ પરસેવે રેબઝેબ હતો. તે થાકીને એક જૂની ખુરશી પર ફસડાઈ પડ્યો. તેના ચહેરા પર ભય અને થાક સ્પષ્ટ દેખાતા હતા. ત્યાં જ તેનો બાળપણનો મિત્ર, રાહુલ, દુકાનમાં આવ્યો. દુકાનની આ હાલત અને માધવની દયનીય સ્થિતિ જોઈને તે ચોંકી ગયો.

'અરે માધવ! આ શું કરી નાખ્યું છે તેં? તું શું શોધી રહ્યો છે? તારો ચહેરો જો જરા અરીસામાં... તારી એ રોજિંદી સ્વસ્થતા, તારી 'શાંતિ' અને તારું એ હળવું સ્મિત ક્યાં ગાયબ થઈ ગયું?'

'શાંતિ અને સ્મિત...'

આ બે શબ્દો સાંભળતા જ માધવના મગજમાં જાણે વીજળી ઝબકી. ડાયરીના એ શબ્દો તેના કાનમાં ફરી ગુંજવા લાગ્યા: 'તું એક એવી વસ્તુની શોધમાં નીકળીશ, જે તેં ક્યારેય ગુમાવી જ નથી.'

તેને સમજતાં વાર ન લાગી કે તેણે કઈ વસ્તુની શોધમાં પોતાનો આખો દિવસ અને પોતાની જાતને વેડફી નાખી હતી. તેણે દોડીને પેલી લાલ ડાયરી હાથમાં લીધી. ધ્રૂજતા હાથે તેણે ફટાફટ છેલ્લું પાનું ખોલ્યું. ત્યાં ધીમે ધીમે માત્ર એક જ વાક્ય ઊપસી રહ્યું હતું:

'આવતીકાલ એક એવું રહસ્ય છે, માધવ, જેને વણઉકેલ્યું રાખવામાં જ જિંદગી છે.'

આ વાંચતાની સાથે જ ડાયરીના બધા જ અક્ષરો હવામાં ધુમાડો બનીને ઊડી ગયા અને ડાયરી ફરીથી એકદમ સામાન્ય અને કોરી થઈ ગઈ.

બહાર વરસાદ હવે રોકાઈ ગયો હતો. માધવે ડાયરીને ટેબલ પર મૂકી અને ખુલ્લી બારીમાંથી આવતી ભીની માટીની સુગંધને આંખો બંધ કરીને પોતાની અંદર ઉતારી. તેને હવે આવતીકાલના કોઈ પાનાં વાંચવા ન હતા.

# ભારતીય નારી કેટલી સ્વતંત્ર?

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

એક જમાનામાં સ્ત્રી માત્ર ઘરખૂણે ચૂલો-ચૌકો સંભાળતી હતી, પરંતુ આજે નારી હેલિકોપ્ટર, જમ્બોજેટ અને તોતિંગ સ્ટીમરો પણ ચલાવી શકે છે. કેટલાંક ઘરોમાં તો વિધવા સ્ત્રી આખા ઘરનો ભાર વેઠે છે. તે એરોપ્લેન વડે આકાશમાં પણ ઊડે છે. સ્ત્રી પાર્લામેન્ટ ગજાવે છે અને રાજ્યમાં મુખ્યમંત્રી બની સત્તા પણ સંભાળે છે. ઘણી બધી રીતે આજની નારીએ વિકાસમાં હરણફાળ ભરી છે કે પુરુષો તેની ઊડાન જોઈ ચકિત થઈ ગયા છે. તેને સમજાઈ ગયું છે કે હવે "ધોકે નાર પાંસરી..."નો જમાનો રહ્યો નથી. ટીવી સિરિયલો કે ફિલ્મોમાં સ્ત્રીઓનું એવું વિસ્ફોટક સ્વરૂપ દર્શાવવામાં આવે છે કે તે જોઈ સૌ દંગ રહી જાય છે.




ભલે આજે સ્થિતિ બદલાઈ હોય, પરંતુ સ્ત્રીઓએ વિતેલા જમાનામાં ખૂબ જુલમો વેઠ્યા છે. મોડે મોડે તેને સમજાયું છે કે આપણે સ્વાવલંબી નથી, એટલે ઘણા જુલમો સહન કરવા પડે છે. પુરુષોના પગારે ઘર ચાલતું હોવાથી તે અંત સુધી ઘરનો રાજા બની રહે છે. અગાઉના જમાનામાં તો સ્ત્રીઓ રસ્તા પર પુરુષોની હારોહાર ચાલી પણ શકતી નહોતી. આજે સ્થિતિ એવી છે કે સ્ત્રીઓ પ્રસંગોપાત કાર્યક્રમો તો સંભાળે જ છે, પરંતુ મહાસમારંભોની પ્રમુખ પણ બની શકે છે. જોકે ભારતીય દંડ સંહિતા (Indian Penal Code) ની કલમ ૨૯૪ અનુસાર હજી પણ કેટલાંક રાજ્યોમાં સ્ત્રીઓને રોમાન્સનું પૂરતું સ્વાતંત્ર્ય મળ્યું નથી. જાહેરમાં પતિને ચુંબન કરનારી સ્ત્રીને કામુક કે અભદ્ર ગણવામાં આવે છે. મોટે ભાગે વડીલો આવા સ્ત્રી-સ્વાતંત્ર્યને આવકારતા નથી. આજે સ્ત્રીઓએ જાહેર જીવનમાં ખાસ્સો પગપેસારો કર્યો છે. સત્તાવાર આંકડાઓ જોઈએ તો આજે નીચલી અદાલતોમાં આશરે ૨૭ ટકા અને સુપ્રીમ કોર્ટમાં આશરે ૯ ટકા ન્યાયાધીશો સ્ત્રીઓ છે. એક જમાનામાં સ્ત્રીઓ માથું ઢાંક્યા વિના ઘરની બહાર નીકળી શકતી નહોતી. આજે તેઓ ન્યાયાધીશ કે વકીલ બની ચુકાદાઓ આપે છે. સ્ત્રીઓની પ્રગતિની આ ઉજળી બાજુ છે.

દિલ્હી જિલ્લામાં આશરે ૧૬,૦૦૦ ન્યાયાધીશોમાંથી લગભગ ૪,૫૦૦ સ્ત્રીઓ છે. આ આંકડો ભવિષ્યમાં બમણો થઈ શકે છે. જોકે કેટલાંક સુધારાવાદી પુરુષોને પણ સ્ત્રીઓની આ પ્રગતિ ખૂંચે છે. તેઓ પરંપરાગત શૈલીમાં કહે છે: "જેનું કામ તે જ કરે!" તેમના મત મુજબ સ્ત્રીઓનું કામ ઘરસંસાર અને બાળકોને સંભાળવાનું છે. સ્ત્રીઓએ ખપ પૂરતું ભણીને પરિવાર સંભાળવાનો છે. પાકિસ્તાનમાં સમાજ આવા પરિવારને યોગ્ય ગણાવે છે. આજે સ્થિતિમાં ઘણો સુધારો થયો છે. સ્ત્રીઓને કાયદાએ અને ભારતીય સમાજે ઘણા હકો આપ્યા છે, પરંતુ તેમને તેની પૂરતી જાણ નથી. ઘણીવાર જાણકારીના અભાવે તેમનું શોષણ થાય છે. કાયદાની અજાણને કારણે પુરુષો તેમને પીડવામાં નિર્ભય બની રહે છે. બંધારણના અનુચ્છેદ ૩૯(ડી) મુજબ સ્ત્રીઓને પુરુષો જેટલો જ સમાન પગાર મળવાની જોગવાઈ છે, છતાં જાણકારીના અભાવે ઘણી જગ્યાએ સ્ત્રીઓને પુરુષો જેટલો પગાર મળતો નથી. જોકે હવે સ્ત્રીઓ પોતાનાં સંગઠનો બનાવી પોતાના હક માટે લડે છે, તેમ છતાં સ્થિતિ હજી સંપૂર્ણ સંતોષકારક નથી.

ઘણાં વર્ષો વીતી ગયા છતાં સ્ત્રીઓનો પગાર પુરુષો કરતાં ઓછો રહ્યો છે. સ્ત્રીઓને દેહવ્યાપાર ન કરવો પડે તે માટે કાયદો બનાવવામાં આવ્યો છે. આ કાયદો સ્ત્રીઓને દેહવ્યાપારમાં ધકેલાતાં અટકાવવાનો પ્રયાસ કરે છે. છતાં કાયદાના અસરકારક અમલના અભાવે ગુપ્ત દેહવ્યાપારનું પ્રમાણ ઘટ્યું નથી. અમેરિકા સ્ત્રી-પુરુષોના લગ્નેતર સંબંધોને લઈને ઘણીવાર ચર્ચામાં રહ્યું છે. અમેરિકાના કેટલાક માનસશાસ્ત્રીઓ કહે છે કે જોન એફ. કેનેડી, ગેરી હાર્ટ, ક્લાર્ક ગેબલ અને રિચર્ડ બર્ટન જેવા અનેક જાણીતા લોકોના લગ્નેતર સંબંધો ચર્ચાસ્પદ રહ્યા હતા. અહીં એક મહત્વનો પ્રશ્ન વિચારવા જેવો છે કે સ્ત્રીઓની સ્થિતિ સુધારવામાં પુરુષોએ કયા પરિવર્તનો સ્વીકારવા જોઈએ? નિષ્ણાતો કહે છે: "પત્ની જે કંઈ કહે તે હકારાત્મક ભાવથી સાંભળો. બની શકે તો તેની વાતમાં સંમત થાઓ. એટલું વિચારો કે પત્ની ક્યારેય પોતાના પતિ કે બાળકોનું ખરાબ ઈચ્છતી નથી. પત્નીને રાજી રાખવી હોય તો ઘરકામમાં તેને શક્ય તેટલી મદદ કરો." પરંતુ દુઃખની વાત એ છે કે પુરુષ સમાજ એટલો નમ્ર, ઉદાર કે વિવેકી બનતો નથી.

**અહીં એક મહત્વનો પ્રશ્ન વિચારવા જેવો છે કે સ્ત્રીઓની સ્થિતિ સુધારવામાં પુરુષોએ કયા પરિવર્તનો સ્વીકારવા જોઈએ? નિષ્ણાતો કહે છે: "પત્ની જે કંઈ કહે તે હકારાત્મક ભાવથી સાંભળો**

થેલેસિમિયા જેવી જેનેટિક બીમારીથી પીડાતા લોકોને નિયમિત નવું લોહી ચડાવવું પડતું હોય છે. આ ખૂબ અઘરી અને મુશ્કેલ સારવાર છે. તેથી લગ્ન પહેલાં બંનેએ થેલેસિમિયાનો ટેસ્ટ કરાવ્યા પછી જ લગ્ન કરવા જોઈએ. કુંડળી ન મળે તો ચાલે, પરંતુ શરીરમાં થેલેસિમિયા હોય તો તે કોઈ રીતે ચલાવી ન લેવાય. કેરળમાં લગ્ન પહેલાં ઘણા પરિવારો બંને પાત્રોનો એચ.આઈ.વી. ટેસ્ટ કરાવવાનો આગ્રહ રાખે છે. આ ખૂબ યોગ્ય બાબત છે. આપણા અહીં આવું ક્યારે થશે?

## ધૂપછાંવ

ગુજરાતમાં જો છોકરીવાળા મૂરતિયાના માતા-પિતાને કહે કે, "તમે એચ.આઈ.વી. ટેસ્ટ કરાવીને અમને તેનો રિપોર્ટ આપો," તો વાત ત્યાંથી જ અટકી જાય. મોટી કંપનીઓમાં નોકરી મેળવતાં પહેલાં મેડિકલ ફિટનેસનું પ્રમાણપત્ર માંગવામાં આવે છે. એ જ રીતે લગ્ન પહેલાં દરેક યુગલનો એચ.આઈ.વી. તથા થેલેસિમિયાનો ટેસ્ટ કરાવવો ખૂબ જરૂરી છે. નહીં તો લગ્ન પછી તેના માઠા પરિણામો આખા પરિવારને ભોગવવા પડે છે.